# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Evening **National** News at 7.50 to 8.00 PM **03-12-2021**

## આકાશવાણી સમાચાર **સુકેશ ગુપ્તા** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ટેક્નોલોજી અપનાવીને નવીનતા લાવવામાં આપણે કોઈથી પાછળ નથી એ સાબિત થઈ ચુક્યું છે
- સંસદની જાહેર હિસાબ સમિતિની સ્થાપનાને 100 વર્ષ નિમિત્તે આવતીકાલથી બે દિવસીય શતાબ્દી સમારોહ ઉજવાશે
- ઓમિક્રોન વેરિઅન્ટના ફેલાવાને રોકવા માટે વધુ સતર્ક રહેવા રાજ્યોને જણાવ્યું
- બંગાળના ઉપસાગરમાં સર્જાયેલું હવાનું હળવું દબાણ વિશાખાપટ્ટનમથી લગભગ 420 કિલોમીટર દૂર કેન્દ્રિત થયું છે
- મુંબઈમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં, આજે પ્રથમ દિવસે ભારતે ચાર વિકેટે 221 રન કર્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

*♫.. કોરોના ટ્યુન..................*

# એક અગત્યનો સંદેશ

બધા જ ગ્રાહકોને આઝાદીના અમૃત મહોત્સવની શુભેચ્છા. હોલમાર્ક સોનાની શુદ્ધતાની ખાતરી આપે છે. હંમેશા હોલમાર્ક વાળા સોનાના દાગીના ખરીદવાનો આગ્રહ રાખજો. ગ્રાહક બાબતોની કોઈપણ ફરિયાદ કરવા રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇનના ટોલ ફ્રી નંબર - ૧૪૪૦૪નો ઉપયોગ કરજો. ભારત સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જનહિતમાં જારી. જાગો ગ્રાહક જાગો.

## અગત્યનો સંદેશ પૂરો થયો.

..................................................

.....................................................................................................

( સૂચના । અગત્યનો સંદેશ ૧૮-૨-૨૦૨૨ સુધી મુખ્ય બુલેટીનમાં વાંચવો.

.....................................................................................................

# PM - ઇન્ફિનિટીફોરમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ટેક્નોલોજી અપનાવવામાં અથવા નવીનતા લાવવામાં આપણે કોઈથી પાછળ નથી એ વિશ્વમાં સાબિત કરી દીધું છે. તેમણે જણાવ્યું કે , ડિજિટલ ઈન્ડિયા હેઠળ પરિવર્તનાત્મક બાબતો દેશમાં લાગુ કરવા માટે નવીન નાણાકીય ટેકનોલોજી માટે દરવાજા ખોલ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઈન્ફિનિટી ફોરમનું ઉદ્ઘાટન કર્યું. ગિફ્ટ સિટી અને બ્લૂમબર્ગના સહયોગથી ભારત સરકારના નેજા હેઠળ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી દ્વારા આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ઇન્ડોનેશિયા, દક્ષિણ આફ્રિકા અને બ્રિટન આ ફોરમમાં સહયોગી દેશો છે. નાણાકીય ટેકનોલોજી- ફિનટેકના મહત્વ પર પ્રકાશ પાડતાં શ્રી મોદીએ જણાવ્યું કે , દેશમાં અપાર તક છે અને હવે તેને ક્રાંતિમાં રૂપાંતરિત કરવાનો સમય આવી ગયો છે. આ ક્રાંતિ દેશના દરેક નાગરિકને નાણાકીય સશક્તિકરણ માટે મદદ કરશે. તેમણે કહ્યું કે , ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સ વિશ્વભરના નાગરિકોના જીવનને સુધારી શકે છે. શ્રી મોદીએ જણાવ્યું કે , દેશમાં ગયા વર્ષે પ્રથમ વખત મોબાઇલ પેમેન્ટની સંખ્યા એટીએમ રોકડ ઉપાડ કરતાં વધી છે અને સંપૂર્ણ ડિજિટલ બેંકો વાસ્તવિકતા બની ગઈ છે. ગિફ્ટ સિટીને ફિનટેક વિશ્વનું પ્રવેશદ્વાર ગણાવતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, તે ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. આ બે દિવસીય પરિષદમાં ફિનટેકને લગતા પાસાંઓ અને સમાવેશી વૃદ્ધિ માટે તેનો ઉપયોગ કરવા માટે એક વિચારશીલ મંચ છે.

...2...

ઈન્ફિનિટી ફોરમ નીતિગત બાબતો , વ્યાપાર અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વના અગ્રણી લોકોને એક સાથે લાવશે.

આ ફોરમમાં 70 થી વધુ દેશોના પ્રતિનિધિઓ ભાગ લઇ રહયા છે. નીતિ પંચ, ઈન્વેસ્ટ ઈન્ડિયા, ફિક્કી અને નાસકોમ ઈન્ફિનિટી ફોરમની મુખ્ય સહયોગી સંસ્થાઓ છે.

---------------------

## PARL-PAC શતાબ્દી

સંસદની જાહેર હિસાબ સમિતિની સ્થાપનાને આવતીકાલે 100 વર્ષ થશે. જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ આવતીકાલે સંસદના સેન્ટ્રલ હોલમાં બે દિવસીય શતાબ્દી સમારોહનું ઉદ્ઘાટન કરશે.

શ્રી ચૌધરીએ જણાવ્યું કે , ઉજવણીમાં વર્તમાન સમયમાં કામગીરી અને પડકારો અંગે ચાર થીમ આધારિત સત્રો યોજાશે. ઉદ્ઘાટન દરમિયાન, રાષ્ટ્રપતિ પીએસીની યાત્રાના 100 ગૌરવશાળી વર્ષો અને રાષ્ટ્રમંડળ દેશોના 15 સહિત 67 વિશેષ લેખો ધરાવતી સ્મરણિકા બહાર પાડશે.

શ્રી ચૌધરીએ જણાવ્યું કે, 1921 થી 2021 સુધીની ખાસ પળોને આવરી લેતા એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે. શતાબ્દી સમારોહમાં

ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સહિત તમામ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ અને રાજ્યની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ પણ ભાગ લેશે.

---------------------

## REV PREZ - પુરસ્કારો

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ પર દિવ્યાંગોના સશક્તિકરણ માટે ઉત્કૃષ્ટ કાર્ય કરનારને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કર્યા છે. વ્યક્તિઓ, સંસ્થાઓ, રાજ્ય કે જિલ્લામાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ અને દિવ્યાંગ શક્તિકરણ ક્ષેત્રે કામ કરવા બદલ આ પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે જણાવ્યું કે સરકારે દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે અનેક પગલાં લીધાં છે. તેમણે જણાવ્યું કે, દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનન્ય આઈ.ડી. પ્રોજેક્ટનો અમલ કરીને રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવામાં આવશે. દરેક દિવ્યાંગ વ્યક્તિને અનન્ય વિકલાંગતા ઓળખકાર્ડ આપવાના હેતુ સાથે કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે , અત્યાર સુધીમાં 64 લાખથી વધુ યુનિક ડિસેબિલિટી આઈડી કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

---------------------

## કેન્દ્ર - OMICRON

કેન્દ્ર સરકારે, ઓમિક્રોન વેરિઅન્ટના ફેલાવાને રોકવા માટે વધુ સતર્ક રહેવા જણાવ્યું છે.

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે આ અંગે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અધિક મુખ્ય સચિવ અને અગ્ર સચિવને પત્ર લખ્યા છે. તેમણે કહ્યું કે , અન્ય દેશોમાંથી આંતરરાષ્ટ્રીય મુસાફરોનું જોખમ ધરાવતા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ખાસ તકેદારીની જરૂર છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયને એર સુવિધા પોર્ટલની ઍક્સેસ આપવામાં આવી છે. શ્રી ભૂષણે રાજ્યોને વિવિધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પોતપોતાના રાજ્યમાં આવતા મુસાફરોની વિગતો અગાઉથી જાણવા માટે દરરોજ પોર્ટલનો ઉપયોગ કરવા જણાવ્યું છે. તમામ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્ક શોધવા એ મહત્વની ચાવી છે. તેમણે 72 કલાકની અંદર શોધીને ક્વોરેન્ટાઇન કરવા તથા પરીક્ષણ કરવું આવશ્યક છે. શ્રી ભૂષણે જણાવ્યું કે જે લોકોનો ટેસ્ટ પોઝિટિવ આવે છે તેમના સેમ્પલ આખા જીનોમ સિક્વન્સિંગ માટે ઝડપથી મોકલવા જોઈએ. તેમણે કહ્યું કે રસી લીધેલ વ્યક્તિઓ રોગની ગંભીરતાથી સુરક્ષિત છે. કોવિડ યોગ્ય વર્તણૂક પર ભાર મૂકવો જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. ભીડને નિયંત્રિત કરવી, માસ્ક પહેરવાનો આગ્રહ , અને સામાજિક અંતર લાગુ કરવા માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ.

---------------------

## WB-જવાદ

બંગાળના ઉપસાગરમાં સર્જાયેલું હવાનું હળવું દબાણ છેલ્લા છ કલાક દરમિયાન 25 કિલોમીટરની ઝડપે ઉત્તર તરફ વાયવ્ય ખૂણે આગળ વધ્યું છે અને તે તીવ્ર બનીને વાવાઝોડું જવાદ બને તેવી સંભાવના છે. તે વિશાખાપટ્ટનમથી લગભગ 420 કિલોમીટર દક્ષિણમાં અને ઓડીશાના ગોપાલપુરથી અગ્નિ ખૂણે 530 કિલોમીટર તથા પારાદીપથી નૈઋત્ય દિશામાં 650 કિલોમીટર છે. આવતીકાલે સવાર સુધીમાં તે વાયવ્ય દિશામાં આગળ વધીને ઉત્તર આંધ્ર પ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠેથી આગળ વધશે. ત્યારબાદ , તે ઉત્તર દિશામાં ઈશાન ખૂણે આગળ વધીને પાંચમી ડિસેમ્બરે બપોર સુધીમાં ઓડિશાના દરિયાકાંઠે પુરી નજીક પહોંચે તેવી શક્યતા છે.

દરમિયાન, ઓડિશા અને આંધ્ર પ્રદેશ સરકારે વાવાઝોડા જવાદની અસરને પહોંચી વળવા માટે સંપૂર્ણ તૈયારીઓકરી છે. ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ થાય તેવી શક્યતાછે. એનડીઆરએફ, ઓડીઆરએએફ અને ફાયર સર્વિસ ટીમો તૈનાત કરવામાં આવી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના ડાયરેક્ટર જનરલ , અતુલકરવલે જણાવ્યું કે , પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ તથા આંદામાન અને નિકોબારમાં 46 ટીમ તૈનાત કરવામાં આવી છે , તથા 18 ટીમને અનામત રાખવામાં આવી છે.

---------------------

# ક્રિકેટ ટેસ્ટ

મુંબઈમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં, આજે પ્રથમ દિવસે ભારતે ચાર વિકેટે 221રન કર્યા છે. રમત બંધ રહી ત્યારે, 120 રન સાથે મયંક અગ્રવાલ અને 25 રન પર રિદ્ધિમાન સાહા રમી રહ્યા છે.

આઉટ ફિલ્ડ અને પિચ ભીની હોવાના કારણે, વિલંબિત શરૂઆત પછી પ્રથમ બેટિંગ પસંદ કરીને ભારતીય ઓપનરોએ પ્રથમ વિકેટ માટે 80 રન ઉમેર્યા. જો કે એજાઝ પટેલે ત્રણ ઓવરમાં ત્રણ વિકેટ લીધી હતી. વિરાટ કોહલી અને ચેતેશ્વર પૂજારા એક પણ રન કરી શક્યાન હતા.

---------------------

# RS- ફર્ટિલાઇઝર

કેન્દ્ર સરકારે દેશમાં ખાતરની કોઈપણ અછતને નકારી કાઢી છે. કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલા મહિનાવાર અને રાજ્યવાર અંદાજના આધારે, ખાતર વિભાગ માસિક પુરવઠા યોજના મુજબ રાજ્યોને પૂરતા પ્રમાણમાં ખાતરની ફાળવણી કરે છે.

રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં તેમણે કહ્યું કે , રાજ્ય સરકારોને નિયમિતપણે રેલ્વે રેક માટે સમયસર જણાવવા અને પુરવઠાને

સુવ્યવસ્થિત કરવા ખાતરના ઉત્પાદકો અને આયાતકારો સાથે સંકલન કરવાની સલાહ આપવામાં આવે છે. શ્રી તોમરે જણાવ્યું કે યુરિયા અને અન્ય ખાતરની માંગ અને ઉત્પાદન વચ્ચેનો તફાવત આયાત દ્વારા પૂરો થાય છે. શ્રી તોમરે જણાવ્યું કે , સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આયાતને અગાઉથી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

---------------------

# એલએસ-ઓક્સિજન

દેશમાં કોવિડની બીજી લહેર દરમિયાન ઓક્સિજનની અછતને કારણે વધુ લોકોનાં મોત થયાં હોવાના આક્ષેપોને કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ પાયા વિનાના ગણાવ્યા છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન, તેમણે કહ્યું કે ઘણી રાજ્ય સરકારોએ આ અંગે આપેલી માહિતી અનુસાર પંજાબ સિવાય જ્યાં મૃત્યુના ચાર શંકાસ્પદ કેસ હતા ત્યાં ઓક્સિજનના અભાવને કારણે કોઈ મૃત્યુ થયું નથી. તેમણે કહ્યું કે ઓક્સિજન સપ્લાયના અભાવના મુદ્દે રાજકરણ રમવામાં આવી રહ્યું છે.

ડૉ.માંડવિયાએ સમજાવ્યું કે રોગચાળાની બીજી લહેર દરમિયાન , ઓક્સિજન ઉત્પાદનની ક્ષમતામાં વધારો થયો છે. વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે દરિયાઈ અને હવાઈ માર્ગોનો ઉપયોગ કરીને ઘણા ઓક્સિજન કન્ટેનર અને સિલિન્ડરોની આયાત કરવામાં આવી હતી. વધુમાં, ઓક્સિજનના પરિવહન માટે સમગ્ર દેશમાં લોજિસ્ટિક સુવિધાઓ પણ વધારવામાં આવી હતી.

---------------------

# એલએસ-આયુષ્માન ભારત

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું છે કે આરોગ્ય વીમા યોજનાના લાભાર્થીઓને 17 કરોડથી વધુ આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. એક લેખિત જવાબમાં , તેમણે કહ્યું કે અંદાજે અઢી કરોડ લોકોને 28 હજાર 863 કરોડ રૂપિયાના દવાઓ ચુકવવામાં આવ્યા છે. લગભગ 24 હજાર જાહેર અને ખાનગી હોસ્પિટલોના નેટવર્ક દ્વારા અધિકૃત કરવામાં આવ્યા છે. અન્ય પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે સમગ્ર દેશમાં મ્યુકોર્માયકોસિસના 51 હજાર 775 કેસ નોંધાયા હતા. તેમણે કહ્યું કે અસરગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કેન્દ્ર સરકારે રાજ્યોને લિપોસોમલ એમ્ફોટેરિસિન-બી દવાની ત્રણ લાખ બોટલ ફાળવી હતી.

---------------------

# પીએમ- કિસાન

કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યું છે કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોને એક લાખ 60 હજાર કરોડ રૂપિયા સીધા તેમના બેંક ખાતામાં આપવામાં આવ્યા છે.

એક પ્રશ્નના જવાબમાં શ્રી તોમરે કહ્યું કે આ રકમ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા 11 કરોડ 50 લાખ પાત્ર લાભાર્થીઓને ટ્રાન્સફર કરવામાં આવી છે. તેમણે કહ્યું કે , આ યોજનાના અમલ પાછળનો હેતુ દેશના ખેડૂતોની આવક વધારવાનો છે.

કૃષિમંત્રીએ માહિતી આપી કે દેશમાં 12 કરોડ 50 લાખ ખેડૂતો છે જેમાંથી 11 કરોડ 50 લાખ ખેડૂતો યોજનાનો લાભ મેળવવા માટે નોંધાયેલા છે. શ્રી તોમરે ઉમેર્યું કે કોઈપણ પ્રકારની ગેરરીતિને ચકાસવા માટે આ યોજનાનું રાજ્ય અને કેન્દ્રીય સ્તરે નિરીક્ષણ કરવામાં આવે છે. તેમણે એમ પણ ઉમેર્યું કે જે ખેડૂતો આ યોજના માટે નોંધણી કરાવવા માંગે છે , તેઓ કિસાન પોર્ટલ પર કિસાન કોર્નરનો સંપર્ક કરી શકે છે અથવા ખૂબ જ નજીવા નાણાં ચૂકવીને સામાન્ય સેવા કેન્દ્રો દ્વારા પણ કરી શકે છે.

--------------------